# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives



## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

May 2026 | Issue No. 78 | A monthly newsletter

## શરુ થઈ સાકીબની સ્વનિર્ભરતા તરફની સફર….





જ્યારે તમે પ્રભાતના વટવા સેન્ટરની મુલાકાત લો, ત્યારે ફિઝિયોથેરાપી વિભાગ પાસે એક એક યુવાન તમને ટોકન આપતો જોવા મળશે. ચહેરા પર સ્મિત સાથે આંખોમાં આશા આપણને આકર્ષિત કરે. વાત કરી રહ્યા છીએ સાકીબની. પ્રભાતમાં તેની શરૂઆત 'અર્લી ઇન્ટરવેન્શન' દરમિયાન થઈ હતી. સેરેબ્રલ પાલ્સીની સાથે બહુવિધ વિકલાંગતા ધરાવતો સાકીબ જ્યારે સંસ્થામાં આવ્યો, ત્યારે તેના સ્નાયુઓ (મસલ્સ) એટલા સક્રિય ન હતા, જેના લીધે તેને જમવામાં અને પોતાના રોજિંદા કાર્યો કરવામાં મુશ્કેલી પડતી હતી.

ત્યારબાદ ફિઝિયોથેરાપી અને સ્પેશિયલ એજ્યુકેશન દ્વારા તેની સાથે કામ કરવામાં આવ્યું અને તે ધીરે ધીરે શીખતો ગયો. સમય જતાં તે પોતાનું નામ, ગણતરી અને સરનામું વગેરે પણ શીખી ગયો, જેનાથી તેનું કોગ્નિટીવ લેવલ (જ્ઞાનાત્મક સ્તર) વધુ મજબૂત બન્યું. તેના સ્પેશિયલ એજ્યુકેટર કાશ્મીરાબેનને લાગ્યું કે, સાકીબની શીખવાની પ્રવૃત્તિ જેટલી વ્યવહારિક હશે, એટલું જ તેનું કોગ્નિટીવ લેવલ વધુ દ્રઢ બનશે.

આથી, તેને 'પ્રી-વોકેશનલ' તાલીમ આપવામાં આવી. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેને કોમ્યુનિકેશન, સેલ્ફ-કેર, કાર્યસ્થળ પરના વ્યવહારની સમજ અને અભિવ્યક્તિ જેવા વિષયોમાં વ્યવહારિક બનાવવામાં આવ્યો. આ દરમિયાન તેની મેનેજમેન્ટ (સંચાલન) કરવાની કુશળતાનો ખ્યાલ આવ્યો. ટીમે જોયું કે તે સેન્ટર પર નાની-મોટી જવાબદારીઓ ખૂબ સારી રીતે નિભાવી રહ્યો છે. તે ધ્યાનમાં રાખીને ફિઝિયોથેરાપી વિભાગનું સંચાલન કરવાના લક્ષ્ય (ગોલ) સાથે તેની પાસે એક પછી એક કાર્ય (ટાસ્ક) કરાવવામાં આવ્યા. ધીરે ધીરે તેની સમજ શક્તિ વધતી ગઈ, જેના લીધે હવે તે સેન્ટર પર આવતા વાલીઓને ટોકન આપીને શિસ્ત જાળવવાનું કામ સફળતાપૂર્વક કરી રહ્યો છે. ફીઝીયોથેરાપીસ્ટ ભરતભાઈ સાથે હવે તેની એક સરસ ટીમ બની ગઇ છે. તે ફિઝિયોના સાધનોની સાચવણીથી લઈને વાલીઓને તેમના બાળક સાથે સંભાળવાનું મેનેજમેન્ટ પણ કરવા લાગ્યો છે. જો કોઈ વાલી નિયમિત ન આવતા હોય, તો તે સેન્ટર ઇન્ચાર્જને તેની જાણ પણ કરે છે.

તેની સ્પીચ અને મોબિલિટીની સ્થિતિને લીધે તેને બહાર કામ માટે મોકલવો કદાચ મુશ્કેલ છે, પરંતુ આ મર્યાદાઓ સિવાયની તેની જે અન્ય ક્ષમતાઓ છે, તેને જ ધ્યાનમાં રાખીને તેના સ્પેશિયલ એજ્યુકેટરે તેને પગભર કરવાની મક્કમતા પૂર્વકની ઝુંબેશ ઉપાડી છે. આશા છે કે એ દિશામાં જ સાકીબની પ્રગતી થતી રહે…

**તૈયાર કરનાર : કાશ્મીરા પંડ્યા (સ્પેશ્યલ એજ્યુકેટર )**

## કાર્યક્રમની ઝલક



**શૈક્ષણિક વર્ષનો અંતિમ પડાવ** : પ્રભાતમાં મે મહિનો એટલે બાળકની વિકાસની સફરને ચિંતન કરવાનો અને આગળની સફરને વધુ મજબુત કરવાના ઈરાદાને દ્રઢ બનાવાનો સમય! આ વાર્ષિક સીમાચિહ્નના ભાગ રૂપે, કેન્દ્રોના તમામ બાળકો સાથે કુલ 174 પ્રગતિ અહેવાલો, પ્રતિસાદ અને ધ્યેયો શેર કરવામાં આવ્યા હતા. આ ક્ષણ વાલી અને ટીમ બંનેની સહિયારી મહેનતની ઉજવણી હતી અને બાળકોએ કરેલ પ્રયાસનું પરિણામ હતું. દરેક બાળક 'ખાસ' છે એટલે અહી શેર કરેલ પ્રગતિ અહેવાલમાં નબળાઈ કે મર્યાદાનો ઉલ્લેખ નથી પણ આપણે સાથે શું કરી શક્યા તેની ઉજવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

આ ઉપરાંત, વ્યક્તિગત બાળકોના આગળની સફર માટેના લક્ષ્યો પણ નોંધવામાં આવ્યા હતા. વ્યક્તિગત સંવાદની સાથે વાલી મીટીંગ કરીને રીફ્લેક્શન કરવાનો અવસર હમેશની જેમ ટીમ માટે રોમાંચક રહ્યો હતો. નવા શૈક્ષણિક વર્ષનું સ્વાગત કરવાની તૈયારી કરતી વખતે, અમે મુખ્ય પ્રવાહના શિક્ષણ તરફ આગળનું પગલું ભરનારા 2 બાળકોને ગર્વથી વિદાય આપીને નવા બાળકો અને પરિવારોને મળવા માટે આતુર છીએ. જે લક્ષ્ય અધૂરૂં રહ્યું છે, તેને પૂર્ણ કરવા લક્ષ્ય નહિ પણ તેની પદ્ધતિ બદલવા તરફની દિશામાં પ્રભાત ટીમ આગળ વધશે.

**સમર કેમ્પ 2026ની અપડેટ** : શૈક્ષણિક વર્ષ પૂરું થવા આવ્યું, ઉનાળાની ગરમી શરૂ થઈ અને પ્રભાતનો વાર્ષિક સમર કેમ્પ શરૂ થયો. પાછલા વર્ષોમાં, પ્રવૃત્તિઓ વિવિધ કેન્દ્રોમાં ફેલાયેલી હતી, પરંતુ આ વખતે, મહિના સુધી ચાલતો આ કેમ્પ ભાઈપુરા સેન્ટરમાં યોજાઈ ગયો જેમાં સમગ્ર વિસ્તારના લોકોને ખુલ્લું આમંત્રણ આપવામાં આવ્યું હતું. સવારથી બપોર સુધી રોજ ૨૫-૩૦ બાળકો એક જ છત નીચે હતા. સાથે પ્રવૃત્તિ કરતા, રમતા, ચિત્ર કરતા, ડાન્સ કરતા ખુબ મજા કરી અને એકબીજા પાસેથી મોંઘેરી શીખ પણ લીધી. સતત એક મહિના સુધીની આ સહિયારી યાદો દરેક બાળકોએ બનાવી હતી.



આંગણવાડીઓમાં પણ સમાવિષ્ટ પ્રથાને વધુ મજબુત કરવા માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. રચનાત્મક પ્રવૃતિઓ સાથે પ્રથમ વખત આ રીતે આંગણવાડીમાં સમર કેમ્પ બાળકો અને વાલી આકર્ષકનું કેન્દ્ર બન્યું હતું. લીફ આર્ટ, કલે આર્ટ, ડાન્સ, ચીટક કામની પ્રવૃત્તિ સાથે રહીને કરવામાં આવી. એકબીજા સાથે આ પ્રવૃતિઓ કરતા બાળકો, ક્યાંક ભાઈઓ – બહેનો તો વાલીઓ પણ આ મજાની પ્રવૃતિઓમાં જોડાયા હતા. પ્રભાત માટે પણ આ અનુભવ રોમાંચક રહ્યો. આમ, આ ઉનાળાનો મહિનો હૂંફ, હાસ્ય અને મોસમી ફળોની મીઠાશથી ભરેલો રહ્યો.

## એડવોકસી (હિમાયત )

**ઇન્ટર્નશીપ** : યુવા ઇન્ટર્ન હમેશા પ્રભાત માટે ઉર્જા આપનારું હોય છે. અમદાવાદ યુનિવર્સિટી સાથે લાંબા સમયથી નેટવર્કિંગ વધુ મજબુત બન્યું છે. આ મહીને 13 ઇન્ટર્નને તેમના પ્રોફેસર સાથે પ્રભાતનું ઓરીએન્ટેશન કરાવવામાં આવ્યું અને આ ટીમે રચનાત્મક ટીચિંગ લર્નિંગ મટેરિયલ બનાવવાનું કાર્ય હાથ ધર્યું. ટીમનું માર્ગદર્શન અને એમની કુશળતાના સમન્વય દ્વારા વિશિષ્ટ શિક્ષણ માટે સાહિત્ય તૈયાર થયું છે.



સંશોધન અને સમાવિષ્ટ ડિઝાઇન માટે પણ એક મૂલ્યવાન સ્રોત બનતા, ગાંધીનગર યુનિવર્સિટીના સંશોધક સત્યભામાએ જરૂરિયાતમંદ સમુદાયોમાં નિરામય આરોગ્ય વીમા યોજનાના વ્યવહારુ અમલીકરણનો અભ્યાસ કરવા માટે પ્રભાત સેન્ટરની મુલાકાત લીધી. તેમણે પરિવારોને વિશિષ્ટ જરૂરિયાતો માટે ₹100,000 સહાયનો  ઉપયોગ કેવી રીતે કરે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

NID ના વિદ્યાર્થી ઓમકાર દ્વારા દિવ્યાંગ લોકો માટે જોબ પોર્ટલ વિકસાવવા માટે પ્રભાત સેન્ટરની મુલાકાત કરવામાં આવી જેમાં દિવ્યાંગ લોકોની વ્યવસાયિક બાબતો હોય અને કોઈ પણ કંપની, ઉદ્યોગને તેને એપ્રોચ કરવું હોય તો તે કરી શકે. આ પ્રકારની સીસ્ટમ ભવિષ્યના વ્યાવસાયિકો માટે પાયાના સ્તરે સમાવેશ સાથે અર્થપૂર્ણ રીતે જોડાવાની તકો ઉભી કરશે.

**પોલીસવિભાગની મુલાકાત** : ખોખરા પોલીસ સ્ટેશનથી તેમના અધિકારીઓએ પ્રભાતના ભાઈપુરા સેન્ટરની મુલાકાત લીધી. તેમણે દૈનિક ચાલતી પ્રવૃતિઓને સમજવા સાથે બાળકો સાથે હળવાશનો સમય પસાર કર્યો. બાળકો વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુની જે પ્રવૃત્તિ કરી રહ્યા હતા એની તેમણે પ્રશંસા કરી હતી. બાળકોને પણ તેમની સાથે ઈન્ટરેકક્ષન કરવાનું ગમ્યું અને તેમને આ અનુભવ યાદગાર રહ્યો. આ પ્રકારના વિવિધ સંસ્થાનોના પ્રતિનિધિ સાથે પ્રભાત જોડાણ કરે છે જે સમાવેશી શૈલીને પ્રોત્સાહિત કરે છે.



**બાળ અધિકારને લઈને જોડાણ અને અપડેટ** :

ચાઈલ્ડ રાઈટસ કલેકટીવ – ગુજરાત (CRCG) ની માસિક સંકલન ઓનલાઈન મીટીગમાં પ્રભાત સહભાગી બન્યું જેમાં થયેલ ચિંતન શિબિર પછીનું ફોલોઅપ કરવામાં આવ્યું. બાળ મંચને લઈને થનાર તાલીમમાં સમાવેશી અભિગમ અને નેટવર્કમાં વિકલાંગતા અને બાળકો સાથે કામ કરતી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ આવે એ મુદા પણ મહત્વના રહ્યા હતા.

**રાજ્ય સ્તરીય ચાઈલ્ડ રાઈટ્સ કાર્યશાળા:** બાળ આયોગ દ્વારા આયોજિત વર્કશોપમાં 'બાળ અધિકારો: પ્રશ્નો અને પડકારો એ વિષય પર વિવિધ સંસ્થા અને બાળ આયોગના પ્રતિનિધિ દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું જેમાં મંત્રી શ્રી કુંવરભાઇ બાવળિયા એ હાજરી આપી હતી. ખાસ કરીને સાઈટ ઉપર વાલીની સાથે જે બાળકો હોય છે તેને લઈને ચિંતા દર્શાવી હતી. આ સ્વૈચ્છિક સંસ્થા અને બાળ આયોગ દ્વારા બધા બાળકોના અધિકારો સચવાય અને તેમનો સંપૂર્ણ વિકાસ થાય તેની પહેલ હતી. આયોગે સંસ્થાઓને પૂરતો સહયોગ પૂરો પાડવાની વાત કરી હતી.



## પ્રશિક્ષણ

**ટીમ બિલ્ડિંગ** : આગળના અંકમાં જેમ વાત કરી હતી કે, મહિનાનો એક ખાસ દિવસ પ્રભાતની ટીમ માટે ફાળવવામાં આવશે જેમાં મજા સાથે ટીમ બોન્ડીંગ, વિષયની ગહનતા અને પ્રભાતને સમજવાની એક તક અહી ઉપલબ્ધ થશે. એ જ ઉદેશ્યને ધ્યાનમાં રાખીને આ મહિનાની પ્રવૃત્તિ પ્રભાતના વારસાને સંભારણાની થીમ પર કરવામાં આવી. સંસ્થાને વધારે ઊંડાણથી સમજવાનો અવસર ઉભો કરવામાં આવ્યો. ક્વીઝના માધ્યમથી પ્રભાતના માઈલ સ્ટોન અને મહત્વની ઘટનાઓ, કાર્યોને ફરીથી જોવાનો અવસર ઉભો થયો. પાછળ ડોકિયું કરતા પડકારો, નિષ્ફળતાઓ, સિદ્ધિઓ - દરેક સામે આવી ગયું. આ સમયમાં પ્રભાત જે કરી શક્યું છે એ વારસો છે તેનો સંતોષ અને ગૌરવ થયા. આ પ્રવૃત્તિમાં *કિરણ, રોશની, સિતારે અને વારસો* જેવી ટીમ બનવવામાં આવી હતી. ટીમોએ ચિત્ર ઓળખ, બઝર ક્વિઝ અને વાર્તા કહેવાના પડકારો સહિત અનેક રાઉન્ડમાં ભાગ લીધો હતો.





અંતમાં, પાણી ભરેલા ગ્લાસમાં પત્થર, રેતી, મીઠું અને ખાંડ જેવી વસ્તુ ઉમેરવાની કહેવામાં આવી. અહી, પાણી ભરેલ ગ્લાસ 'પ્રભાત' અને બીજી વસ્તુ એ કાર્યકર છે. પ્રભાતના સમૃદ્ધ કાર્યમાં વ્યક્તિ પોતે કઈ ભૂમિકા ભજવે છે તેના પર રીફ્લેક્શન આ પ્રવૃતિનો ઉદેશ્ય હતો. પ્રભાતના મૂળ તત્વને ટકાવી પ્રભાતને સમૃદ્ધ બનાવવાના સંદેશ સાથે ટીમને એક દિશા આપવાની વાત કરવામાં આવી.

**ઉમ્મીદ સાથેનું ટીમનું પ્રશિક્ષણ:** પોતાના જ્ઞાન અને અનુભવને વધુ મજબુત બનાવવા માટે મેં મહિનામાં સમગ્ર કેન્દ્ર ટીમે પ્રભાતના તાજેતરના ઇતિહાસમાં સૌથી વ્યાપક ક્ષમતા નિર્માણ પહેલ હાથ ધરી હતી. ઉમીદ બાળ વિકાસ કેન્દ્ર દ્વારા આયોજિત આ મહિના લાંબી, સઘન ઓનલાઇન તાલીમ, બાળ વિકાસ સહાય (CDA) માળખા અને પ્રારંભિક બાળપણ પર કેન્દ્રિત હતી.

ટીમે પોતાના અનુભવો જણાવતા કહ્યું કે, અમે તો કાર્ય કરતા જ હતા પરંતુ એ કાર્યને ડીટેલિંગ કરવાની ક્ષમતા વિકસી છે જે બાળકોના વિકાસને નજીકથી અવલોકન કરવામાં સહાયરૂપ બનશે. આ સાથે ટીમની બાળ વિકાસ, વિકાસલક્ષી વિલંબ અને વિકલાંગતાની વહેલી ઓળખ, સમુદાય-આધારિત સહાય પદ્ધતિઓ અને Observe, Wait, Listen (OWL) તકનીક જેવા વ્યવહારુ અભિગમની સમજ વધુ ગહન બની.

## સહાયક સેવાઓ

સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન ઓનલાઈન – 06 , મેડિકલ સર્ટિફિકેટ-3 , અને પેન્શન ફોર્મ- 02  સહાયક ઉપકરણો- 05 માટેની પ્રક્રિયા કરવામાં આવી.

આ ઉપરાંત, સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી મોટરાઇઝ્ડ ટ્રાઇસિકલ અને વ્હીલચેર માટે 27 ઓનલાઈન ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org